# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૦૬/૦૧/૨૦૨૪

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સના 'નીતિ પંચામૃત'ના કાર્યક્રમ હેઠળ મુંબઈના પૂર્વ શેરીફ અને વિશ્વ ગુજરાતી પરિષદના ચેરમેન મોહન પટેલે ઉદ્યોગ સાહસિકોને 'ચાણક્ય નીતિ' વિશે માહિતી આપી

## વેપારને આગળ વધારવા માટે સંશોધન હોવું જોઈએ, સમયની સાથે જીવનમાં અને વર્તનમાં બદલાવ જરૂરી છે તેમ કહી મોહન પટેલે ચાણક્ય નીતિ વિશે વિસ્તૃત માહિતી આપી

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આયોજિત 'નીતિ પંચામૃત' અંતર્ગત શુક્રવાર, તા. ૦૫ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે 'નીતિ પંચામૃત – ચાણક્ય નીતિ' કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ચાણક્યના જીવનનો ઊંડો અભ્યાસ કરનાર પૂર્વ શેરીફ ઓફ મુંબઈ અને વિશ્વ ગુજરાતી પરિષદના ચેરમેન મોહનભાઈ પટેલે ચાણક્યની નીતિઓ સાંપ્રત સમયમાં કેટલી ઉપયોગી નીવડી શકે છે તે અંગે ઉદ્યોગ સાહસિકોને માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'ચાણક્યએ ગરીબો, પીડિતોને ન્યાય અપાવવા માટે વિશેષ પ્રયાસ કર્યા છે. જીવનમાં ક્યારે અને કેવા પડકારો આવશે, તેની ખબર કોઈને નથી. પરંતુ આવા મુશ્કેલ પડકારોનો સામનો કરવા માટે ચાણક્યએ સૂચવેલા ઉપાયો, તેમની નીતિ મનુષ્યને આફતમાંથી બહાર કાઢી શકે છે.

આચાર્ય ચાણક્યએ જણાવેલી આદતો માનવીના જીવનમાં સફળતાની ચાવી તરીકે કામ કરે છે. જેમ કે, માણસનો સૌથી મોટો દુશ્મન તેનું અજ્ઞાન હોય છે, ત્યારે આપણે જીવનમાં જ્ઞાનનો દીવો પ્રગટાવવો જોઈએ. બીજી આદત તમારી આવક ગમે તેટલી હોય, તેનો અમુક ભાગ દાન અને સત્કર્મ માટે વાપરવો જોઈએ. સાથે જ ધાર્મિક પુસ્તકો વાંચવા, જેથી વિચારો શુદ્ધ થાય. સૌથી અગત્યનું માનવીએ હંમેશા ઈમાનદારીનો માર્ગ સ્વીકારવો જોઈએ અને કોઈને છેતરવું નહીં.' તેમ તેમણે જણાવ્યું હતું.

મુંબઈના પૂર્વ શેરીફ અને વિશ્વ ગુજરાતી પરિષદના ચેરમેન મોહન પટેલે જણાવ્યું હતું કે, 'આપણી સંસ્કૃતિ, પરંપરા, કૌશલ્યોમાં દરેક વ્યક્તિઓમાં આંશિક રીતે જોવા મળે છે. બીજાનું અનુકરણ કરીને કરેલું કાર્ય હંમેશા વ્યક્તિને મુશ્કેલીમાં મૂકે છે. વેપારને આગળ વધારવા માટે સંશોધન હોવું જોઈએ. સમયની સાથે જીવનમાં, વર્તનમાં બદલાવ જરૂરી છે. તેમણે ચાણક્યના જીવનના કેટલાક દૃષ્ટાંતો થકી તેમની નીતિ અંગેની વિસ્તૃત માહિતી આપી હતી.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'ચાણક્યએ કહ્યું છે કે, ધર્મ એ જ સુખ છે. તમારી ફરજ જ તમારો ધર્મ છે. જીવનમાં કેટલી પણ મુશ્કેલીઓ આવે, પોતાની નીતિ ક્યારેય છોડવી નહીં જોઈએ. પોતાનાથી બલવાન વ્યક્તિ જોડે સ્પર્ધા નહીં કરવી. ચાણક્ય અર્થશાસ્ત્રના જનક છે તેમ તેમણે જણાવ્યું હતું.'

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરતા ચેમ્બરના પૂર્વ પ્રમુખ રૂપિન પચ્ચીગરે જણાવ્યું હતું કે, વેપાર અને ઉદ્યોગ ત્યારે જ વિકાસ પામે છે, જ્યારે તેમાં નીતિમત્તા હોય. હાલમાં નીતિઓની વ્યાખ્યાઓ બદલાઈ ગઈ છે, ત્યારે ચાણક્યની નીતિઓ જાણવા જેવી છે. તેમણે ચાણક્યએ જણાવેલા કેટલાક નિયમો અંગે માહિતી આપી હતી. ચાણક્ય કહે છે કે, જ્ઞાની પુરૂષ ત્રણ પરિબળોથી દુઃખી થાય છે. જેમાં મુર્ખ શિષ્ય, દુષ્ટ સ્ત્રી, ષટ્ મિત્રનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં બોમ્બે સ્ટોક એક્સચેન્જના પૂર્વ પ્રમુખ ભગીરથ મર્ચન્ટ, ઉપ પ્રમુખ વિજય મેવાવાલા, ચેમ્બરના વુમન આંત્રરપ્રિન્યોર સેલના ચેરપર્સન કૃતિકા શાહ, સ્વામી ધનશ્યામદાસ તથા ચેમ્બરના પૂર્વ પ્રમુખ રજનીકાંત મારફતિયા, પ્રેમ શારદા, સી.એસ.જરીવાલા, શરદ કાપડિયા અને અરવિંદ કાપડિયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે મોહનભાઈ પટેલે ઉદ્યોગ સાહસિકોના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા, ત્યારબાદ ચેમ્બરના ગૃપ ચેરમેન મૃણાલ શુક્લએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.